

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૩૩)

કલકત્તા
૯-૧૨-૬૨

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... ધર્મસ્નેહ.**

તા. ૨૨-૧૧નો પત્ર સમયસર મળ્યો. ‘અસ્થિરતાથી દેવાદિક પ્રત્યેનાં પરિણામોમાં ખેદ વર્તતાં અને અખંડના સદ્‌ભાવરૂપ પરિણમન થતાં ધર્મી જીવની બુદ્ધિપૂર્વક દેવાદિક પ્રત્યે સ્વરૂપ દઢીભૂત કરવાના આશયની પ્રવૃત્તિ મુખ્યરૂપે થતી રહે છે—એમ દેખાય છે’. આના પર વિશેષ સ્પષ્ટીકરણ માગ્યું તે નીચે મુજબ છે.

૧. દેવાદિક પ્રત્યેની વૃત્તિથી સ્વરૂપની દઢતા નિશ્ચયે નથી જ થતી.

૨. મન આશ્રિત (વિચારપૂર્વકની) માન્યતાથી યથાર્થ અખંડ આશ્રિત સહજ આંશિક વૃત્તિનો સદ્‌ભાવ થઈ શકતો નથી.

૩. ત્રિકાલી અસ્તિત્વમયી સ્વ, આને આશ્રિત પરિણમેલી આંશિક શુદ્ધ વૃત્તિ અને દેવાદિક પ્રત્યેની આંશિક બાહ્ય વૃત્તિ આ ત્રણે અંશોનો એક જ સમયે ધર્મીને અનુભવ થાય છે, જેમાં મુખ્ય-ગૌણનો પ્રશ્ન નથી.

૪. ‘સ્વ’ના માપથી ‘પર’નું માપ કરાય છે. હું ત્રિકાળી જ છું, આ અનુભવમાં પરિણામમાત્ર ગૌણ છે, પછી ભલે તે બુદ્ધિપૂર્વક હોય કે અબુદ્ધિપૂર્વક. આવા ધર્મીને કદી પરિણામની મુખ્યતા નથી હોતી. આથી તેને અન્ય ધર્મી જીવમાં પણ પરિણામની મુખ્યતા દેખાતી નથી, જેવી રીતે માત્ર પરિણામ જોનારને પ્રવૃત્તિની મુખ્યતા દેખાય છે.

૬.વૃત્તિની અપેક્ષાએ ત્રિકાળીની મુખ્યતાવાળા ધર્મીને સહજ જ આ મુખ્ય આશ્રિત વૃત્તિની જ મુખ્યતા રહે છે—વર્તે છે, પછી ભલે બાહ્ય અંશમાં બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ હોય.

૭. ત્રિકાલી તો પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ પરિણામનો કર્તા જ નથી, પરિણામનો કર્તા પરિણામ (પોતે) જ છે. આ અપેક્ષા પણ આપણી ચર્ચામાં આવી હતી.

**ધર્મસ્નેહી**
**સોગાની**

**ટ્રસ્ટના ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૧૯)નું શુલ્ક શ્રીમતિ વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૬, વર્ષ–૨૩, માર્ચ–૨૦૧૯


## અષાઢ સુદ ૧૩, ગુરુવાર, તા.૩૦-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૬૨, પ્રવચન-૨૨

૬૨ મી ગાથા.

**अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।**
**केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ।।६२।।**

બહુ સારમાં સાર વાત છે. 'યોગસાર' છે ને? આત્માને આત્મા દ્વારા, પાઠમાં આમ શબ્દ છે. '**અપ્પઈ અપ્પુ**' એમ છે. આત્માને. આત્મા કોણ છે, એને પહેલો એણે જાણવો જોશે ને? આત્મા જ્ઞાન, આનંદનું રૂપ તે આત્મા છે. એમાં પુણ્ય-પાપના વિકાર, શરીર, કર્મ એ આત્મા નથી.

મુમુક્ષુ :- એકાંત નથી થઈ જતું?

ઉત્તર :- એકાંત જ છે. આત્મામાં વિકાર બિલકુલ નથી. વસ્તુમાં વિકાર છે? દ્રવ્યમાં, વસ્તુ આત્મા જેને કહીએ (એમાં વિકાર નથી). એ વિકાર તો આસ્રવતત્ત્વ છે, કર્મ અજીવતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે. નહિતર નવ તત્ત્વ સિદ્ધ શી રીતે થશે? આસ્રવ છે એ પુણ્ય-પાપના વિકારો, વ્યવહાર ત્રિકાળની—સ્વભાવની અપેક્ષાએ, એ વસ્તુમાં નથી. તો એ વસ્તુમાં છે શું? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત શુદ્ધ ગુણ છે. એવો '**આત્માને આત્મા દ્વારા...**' છે ને? '**અપ્પઈ અપ્પુ**' '**આત્માને આત્મા દ્વારા...**' ભાવાર્થમાં પણ એ કહ્યું છે, જુઓ! '**આત્મા દ્વારા આત્માનો અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે.**' મોક્ષમાર્ગ જ એને કહીએ, એને કહેવાય અને એ છે.

આત્મા ચૈતન્યસ્વરૂપ, પુણ્ય-પાપના રાગથી સર્વથા નિરાળો (છે). એવો આત્મા અંતર સ્વરૂપમાં એને દૃષ્ટિમાં લઈને આત્માને આત્મા દ્વારા અનુભવવો. એટલે કે નિર્વિકલ્પ દશા દ્વારા એને અનુભવવો. 'યોગસાર' છે ને? આત્માને આત્મા દ્વારા, એ 'યોગસાર' છે. આત્મા દ્વારા. ચૈતન્ય મહાસત્તા વસ્તુ છે. ચૈતન્ય મહાસત્તા અનાદિઅનંત જ્ઞાન, દર્શન, આનંદસંપન્ન વસ્તુ છે. વિકાર અને શરીર, કર્મ એ એનામાં છે નહિ, એ તો પર ચીજ છે. એવા આત્મા દ્વારા આત્માનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. બહુ ટૂંકી અને સારમાં સાર વાત છે.

ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ આનંદધામ (છે), એને આત્મા દ્વારા એટલે એની સ્વભાવની પરિણતિ, વિકાર રહિત દ્વારા, વિકાર રહિત અવસ્થા દ્વારા અનુભવ કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? '**અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે.**'

પાઠમાં તો એ છે ને? '**કયું ફળ નથી મળતું?**' એમ કહે છે. ભગવાન આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ આનંદ, એ દ્વારા એનો અનુભવ કરતાં શું ફળ ન થાય? શું ફળ ન થાય? વચ્ચે મતિ-શ્રુત જ્ઞાનની વિશેષતા પ્રગટે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, ક્રમે ક્રમે આગળ વધતાં અનુભવ કરતાં કેવળજ્ઞાન થાય. શું ફળ ન થાય? કહો, આમાં કોઈ કારણ આ સંઘયણ હોય તો થાય ને આ રાગ, વ્યવહાર વિકલ્પ હોય તો થાય, એ વાત

છે નહિ. બીજા શાસ્ત્રમાં એવું નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. એ વખતે બીજ ચીજ પૃથક (છે). રાગની મંદતા, સંઘયણ આદિનું જ્ઞાન કરાવ્યું કે એક આવી ચીજ છે પણ સાધન તો સ્વભાવનું સ્વભાવ દ્વારા જ એની મુક્તિનું સાધન છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

વીતરાગી સ્વભાવી આત્મા, સર્વજ્ઞસ્વભાવી આત્મા કે વીતરાગસ્વભાવી આત્મા, એને વીતરાગી પર્યાય દ્વારા જ અનુભવ થઈ શકે. એટલે કે નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી દશા છે, એ વીતરાગી દશા દ્વારા આત્માનો અનુભવ થાય. સમજાણું કાંઈ?



**‘જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આ આત્મજ્ઞાની ધ્યાનના સમયે ચાર ફળ પામે છે.’** એ જરી થોડી વાત કરી છે. **‘આત્મિક સુખનું વેદન થાય છે.’** આ કેવળજ્ઞાન ફળ પામે એમ કીધું છે ને! વચ્ચે શું ફળ પામે નહિ? બધું પામે. આત્મા પોતાના નિજ સ્વરૂપ, પરમાનંદ એનું રૂપ, એનો અંતરના આનંદ દ્વારા અનુભવ કરતાં એને પહેલું તો અતીન્દ્રિય આનંદનું વેદન થાય. પહેલું ફળ તો અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય. કહો, સમજાણું? અતીન્દ્રિય આનંદનું વેદન. પોતે અતીન્દ્રિય આનંદ નિત્યાનંદ સ્વરૂપ વસ્તુ, એને અંતરની નિર્મળ વિકાર રહિત દશા દ્વારા, એને આત્મા તરફની દૃષ્ટિથી અનુભવ કરતાં પહેલું તો અતીન્દ્રિય આનંદનું વેદન થાય. આત્માના અનુભવનું પહેલું ફળ આનંદ છે. હેં?

મુમુક્ષુ :- એનાથી બહારમાં સુખના ઢગલા થાય?

ઉત્તર :- બહારના સુખના ઢગલા હતા કે દિ’? ધૂળમાં. સુખનો ઢગલો તો ઈ પોતે છે. અતીન્દ્રિય આનંદનો ઢગલો, ઢગલો. સમજ્યા? ઢગલાને શું કહે છે? ઢેર. અતીન્દ્રિય આનંદનો ઢેર આત્મા છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ પુંજ છે. અતીન્દ્રિય આનંદ સિદ્ધને જે આનંદ છે એવા જ અતીન્દ્રિય આનંદનો પુંજ આત્મા છે.

અહીં તો સીધી વાત છે ને! ‘યોગીન્દ્રદેવ’ ‘યોગસાર’ (કહે છે). ‘યોગીન્દ્રદેવ’ છે ને? તો ‘યોગસાર’ (કહ્યું). પોતાનું નામ ‘યોગીન્દ્ર’ છે. ‘યોગીન્દ્રદેવ’નું આ ‘યોગસાર’ છે. એમ ધર્મી આત્મા સમ્યગ્દર્શનથી માંડી પોતાના ચૈતન્ય શુદ્ધ આનંદના અંતર્મુખનો અનુભવ કરતાં, એને શું ફળ ન થાય? તો કહે છે કે, પહેલું તો એને આનંદનું ફળ થાય. સમજાણું કાંઈ? **‘એ અતીન્દ્રિય સુખ અરિહંત અને સિદ્ધ પરમાત્માના સુખની જાતિનું છે.’** લ્યો! જે અરિહંત, સિદ્ધ પરમાત્માને અતીન્દ્રિય આનંદ છે, એવો જ અતીન્દ્રિય (આનંદ) ધર્મીને (આવે છે). આત્માના અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા અનુભવ કરતાં એને પ્રથમ આનંદનો જ અનુભવ થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણ એ ત્રણ પહેલા થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર, આત્માનો અનુભવ થતાં એ ત્રણ પહેલાં થાય. ભારે વાત, ભાઈ!

વસ્તુ અંદર મહા ચૈતન્ય મહાપ્રભુ, એની મહાન પ્રભુતાના નિર્વિકાર દ્વારા એને પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપાચરણ દ્વારા અનુભવતાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એને આનંદની દશાનો અનુભવ થાય. સમજાણું કાંઈ? કે જે આનંદ અરિહંત અને સિદ્ધને પૂર્ણ આનંદ છે એ જ માંહેલો અતીન્દ્રિય આનંદના અનુભવનો નમૂનો

પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવને આત્માના અનુભવથી જે આનંદ થાય એ અરિહંત અને સિદ્ધની આનંદની જાતનો આનંદ છે. આહાહા..! અને તે આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલાં તરણાં જેવા દેખાય. સમજાણું કાંઈ? છન્નુ હજાર સ્ત્રી હો, રાજપાટ, આમ બત્રીસ હજાર મુગટબંધી રાજા, ખમ્મા અન્નદાતા (કહેતા હોય), ખમ્મા.. ખમ્માના પોકાર, આમ કરોડો, અબજોમાં (થતા હોય). એ નહિ રે.. નહિ. એ આનંદ મારો મારી પાસે (છે). એ આનંદની ગંધ ક્યાંય ન મળે.

ધર્મીજીવને ગૃહસ્થાશ્રમમાં પણ.. એ પછી આગળ કહેશે. ગૃહસ્થાશ્રમ અને મુનિ, બેય આત્મામાં વસે છે. આગળ ૬૫ મી ગાથામાં કહેશે, ૬૫માં. ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો કે મુનિ થઈને આત્મજ્ઞાની મુનિ હો, બેયને શરૂઆત થતાં આત્માના આનંદનું વેદન (થાય છે). કેમકે બધી શક્તિઓની વ્યક્તતા પહેલા જ અનુભવકાળમાં એને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**उवगोऊ**' આવે છે ને? 'નિર્જરા અધિકાર'માં. '**उवगोऊ सर्वधर्माणं**' સર્વ ધર્મનો અર્થ જ કર્યો છે, સર્વ ગુણની શક્તિઓનું વર્ધવું. એક સિદ્ધાંત જ ત્યાં બસ છે. ભગવાન આત્મા અનંત અનંત બેહદ સંખ્યાએ ગુણનો સમૂહ છે. બેહદ અનંત ગુણનો સંખ્યાએ સમૂહ છે. એના ગુણના ભાવની અચિંત્યતા અપરિમીતતા તો અપાર છે પણ એની ગુણની સંખ્યા છે (એ પણ) અનંત અચિંત્ય અપાર છે. એટલા અનંત ગુણોનો ધરનાર દરિયો ભગવાન, એનો અંતર સમ્યગ્દર્શન આદિથી અનુભવ થતાં, અનુભવ થતાં, એ અનંતા ગુણોની શક્તિની વૃદ્ધિ, શક્તિમાંથી પર્યાયમાં વ્યક્તિ, અનંત ગુણની પર્યાયની શુદ્ધિની વૃદ્ધિ સમ્યગ્દર્શન થતાં સમયે સમયે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આખો આત્મા પૂર્ણ જ્યાં અનંત પરમાત્મા જેના ગર્ભમાં, ધ્રુવમાં, પેટમાં વસે છે, એવા પરમાત્મા, એવો પરમસ્વરૂપ ભગવાનઆત્મા, એને અંતર્મુખ, અંતર્મુખ એવી દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા અંતરનું વેદન અને અનુભવ (કરતાં) શું ફળ ન થાય? કહે છે. ઓહો..હો...! અનંતા ગુણોની શક્તિનું સત્ત્વ, એનો અનુભવ કરતાં એક સમયમાં અનંતી શક્તિની વ્યક્તતાનો અંશ તે કાળે પ્રગટ થાય છે. એમાં આનંદનું મુખ્યપણું છે. સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :- એમ કહીને શું બતાવવું છે?

ઉત્તર :- કહે છે ને આ. બતાવવાનું શું કીધું આ? આંખ્યું કોની પણ? આંખ્યું કોની જોવે? જો! આ હીરો લાખનો! જુઓ! એના એક એક પાસાની, એક એકની આટલી કિંમત! જુઓ! એમાં પીળી ગંધ નથી. જુઓ! ધોળપ! એ કોણ દેખે? આંખ્યુંવાળો કે આંખ્યું વિનાનો? ઈ આંખ્યુંવાળો ને? ઈ આંખ્યું એને કહેવાય, ઓલાને આંખ્યું કહેવાય જ નહિ. સમજાણું કાંઈ?

જે વીર્ય આત્માના સ્વરૂપને રચે તેને જ વીર્ય કહેવાય. શું કીધું? એને જ વીર્ય કહેવાય. અને જે જ્ઞાન આત્માને જ્ઞેય બનાવે એને જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ? અગમ્યને ગમ્ય કરવાની વસ્તુ છે. ભાઈ! એણે મોક્ષમાર્ગ... પોતે જ મહા ભગવાન એવા મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય (થાય) એવી તો અસંખ્ય જે પર્યાય નિર્મળ થાય એ તો બધી આત્મામાં પડી છે. શું કહ્યું? મોક્ષમાર્ગની પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પ્રગટ થતાં પૂર્ણ કેવળ થાય તેમાં અસંખ્ય પ્રકારની મોક્ષમાર્ગની પર્યાય બધી ભગવાનઆત્માના અંતરમાં ધ્રુવમાં પડી છે. અને અનંત કેવળજ્ઞાન જે ફળ પામે એવું અનંત કેવળજ્ઞાન આદિ અનંતી સિદ્ધની પર્યાયો (એના) પેટમાં પડી છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગનું સાધકપણું અસંખ્ય સમયમાં જ હોય છે અને એનું ફળ અનંત સમય રહે છે. શું કહ્યું, સમજાણું? તેથી આમાં શબ્દ પડ્યો છે '**अप्पई अप्पु मुणंदयहँ**', '**अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ। केवल-णाणु वि परिणवइ**' જ્યાં કેવળજ્ઞાન પણ પરિણમે, એમ કહે છે. અને શાશ્વત સુખને પામે. ઓ..હો..હો...! એક જ શ્લોકમાં (બધું ભરી દીધું છે). ભગવાન આત્માની જાતને અનુભવતાં રાગ, દયા, દાન વિકલ્પ આદિ પર એની સાથે કંઈ ધર્મનો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? આ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનમાં વસતા હતા. એ પોકાર કરે છે કે, અરે...! '**अप्पई अप्पु मुणंदयहँ कि णेहा फलु होइ।**' ભગવાન!

તારી નાતના સ્વરૂપની જાત, સિદ્ધની જાતનો આત્મા, એવી આત્માની જાતને અનુભવતાં શું ન ફળ થાય? સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ પ્રતીત, જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભૂતા આદિ અનેક શક્તિઓની પર્યાયમાં પ્રગટતા અનુભવ કરતાં થાય. સમજાણું કાંઈ? જુઓ!

**'બીજું ફળ એ છે કે અંતરાયકર્મનો ક્ષયોપશમ વધવાથી આત્મબળ વધે છે...'** જુઓ! વીર્યની રચના. વીર્ય આત્મબળ ભગવાનઆત્મા તરફ ઢળ્યું અને અનુભવમાં વીર્ય વળ્યું, એથી એ વીર્યે એવી સ્વરૂપની રચના કરી કે વીર્યમાં ઉલ્લાસ આવ્યો, વીર્યમાં ઉલ્લાસ આવ્યો કે, હું હવે કામ પૂરું કરી શકીશ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાને નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા અનુભવતાં એક તો મુખ્યપણે આનંદનું વેદન (થયું) અને વીર્યની ઉત્સાહતા, વીર્યનો ઉત્સાહ, ઉત્સાહ, પ્રસન્નતા, પ્રસન્નતા, પ્રમોદતા (આવ્યા). એ વીર્ય ઉછળ્યું. પૂર્ણ કેવળને લઈને એવું ઉત્સાહિત વીર્ય એને જાગે. ઈ એનું ફળ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ.. આ કોની વાત ચાલે છે? મોક્ષની? આત્માની. મોક્ષ તો એનું ફળ છે. આહાહા..!

એ ખેતર કંઈ કાચુ નથી કે જેના ખેતર ખેડે સાધારણ કળથી પાકે. આ તો અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ખેતર, એનો અનુભવ કરતાં, શું ફળ ન થાય? કહે છે. શું ફળ ન થાય? આહાહા..! આચાર્ય જુઓને! ઉછળ્યું છે ને વીર્ય! ઉલ્લસિત, ઉલ્લસિત વીર્ય! ઉલ્લસીત વીર્યવાન તે આત્માના મોક્ષના માર્ગના અધિકારી છે. સમજાણું કાંઈ? પામર વીર્યના (ધરનાર) તે આત્માના મોક્ષમાર્ગના અધિકારી નથી. સમજાણું કાંઈ?

**'અંતરાયકર્મનો ક્ષયોપશમ (ઉઘાડ) વધવાથી આત્મબળ વધે છે...'** જુઓ! અંતરાયકર્મ નાખ્યું છે એમાં. અહીં તો આત્મામાં જે અનંત વીર્ય—બળ છે એનો અહીં અનુભવ થતાં વીર્યની વ્યક્તતા એટલી જાગે કે એ વીર્યમાં ઉલ્લસિતતા (થાય કે) આ વીર્યથી તો હું કેવળજ્ઞાન લેવાનો, એમ ઉલ્લસિત થાય. સમજાણું કાંઈ? અરે...! આવો તે કેવો હશે? એ..ઈ...! કોની વાત હશે આ? આ દુનિયામાં પણ કહે છે કે, 'ધન રળે તો ઢગલા થાય, પંડ રળે તો પેટ ભરાય.' એમ કહે છે ને? વાતું કરે છે. હેં? પંડ રળે તો કેટલું થાય? પેટ માંડ ભરાય. ધન જ્યાં પાંચ-પચાસ લાખ, દસ લાખ, કરોડ, દિવસની પાંચ-પાંચ હજાર, દસ-હજારની પેદાશ (થાય). હેં?

મુમુક્ષુ :- ઈ જ સુખનો દરેડો છે.

ઉત્તર :- ઈ જ સુખનો દરેડો છે, મૂઢને! આહાહા..! આ..હા..હા...!

મુમુક્ષુ :- ઉલ્લસિત વીર્યમાં થાતું શું હશે?

ઉત્તર :- હેં! ઉલ્લસિત વીર્ય એટલે જે વીર્ય શક્તિરૂપે છે તેનો અનુભવ થતાં વ્યક્તના વીર્યમાં જાગૃતિ થાય કે આ વીર્ય ઉછળ્યું તે કેવળજ્ઞાનને લેશે. એનું ફળ આ સર્વજ્ઞપદને લેનાર મારું વીર્ય છે. હું આત્મા સર્વજ્ઞપદને લેવાવાળો છું. સિદ્ધપદને અલ્પકાળમાં ઝપટ મારીને લેવાવાળો (છું). એમ એ વીર્ય જાગે. સમજાય છે? એમ ન થાય કે, અરે..રે...! શું થાશે? કેટલા ભવ કરવા પડશે? ક્યાંક હશે? વચ્ચે પડીશ? અરે...! હાલ.. હાલ...! ભગવાન તે દ્રવ્યસ્વરૂપ કોઈ દિ' પડતું હશે? દ્રવ્યસ્વરૂપ પડી જાય તો અદ્રવ્ય થઈ જાય.

મુમુક્ષુ :- અત્યારે તો વીર્યની વાત છે ને?

ઉત્તર :- ના, ઈ દ્રવ્યની વાત છે. ઈ દ્રવ્ય પોતે જે વીર્યનો પિંડ છે ઈ કોઈ દિ' અદ્રવ્ય થાય? એમ જ્યાં પ્રતીત ને અનુભવમાં વીર્ય આવ્યું કે, આ દ્રવ્ય આવું છે. એનું વીર્ય જાગેલું એ પાછું પડે? સમજાણું કાંઈ? એ ક્ષયોપશમ હોય તો ક્ષાયિક લ્યે અને ક્ષાયિક હોય તો શુક્લધ્યાન લ્યે અને શુક્લધ્યાન હોય તો કેવળજ્ઞાન લ્યે. 'ઝપટ મારે તરવાર' એવું ક્યાંક આવે છે. કષાયની ઝપટ મારે, એવું બધું ક્યાંક સજ્ઝાયમાં આવે છે. કહો!

**'જેથી દરેક કાર્ય કરવા માટે અંતરંગમાં ઉત્સાહ અને પુરુષાર્થ વધી જાય છે.'** જુઓ! ઠીક લખ્યું છે. આત્માના શુદ્ધ ભગવાન સ્વભાવને, આત્માના શુદ્ધ મહિમાવંત ભગવાન સ્વભાવને અનુભવતાં વીર્યમાં... સમજાણું? અનેક પ્રકારનો ઉત્સાહ, પુરુષાર્થ વધતાં અંદર શું કામ ન કરે? જ્ઞાનની વૃદ્ધિ, શ્રદ્ધાની શુદ્ધતા, આનંદની વૃદ્ધિ, ચારિત્રની સ્થિરતા, સ્વચ્છતા વધતા પ્રભુતાની

ઉગ્રતા (થાય). સમજાણું કાંઈ? એ પામર નથી. એ ભગવાન પ્રભુને જેણે સ્પર્શ્યો એની પર્યાયમાં વીર્યની જાગૃતતા, વીરપણું જાગ્યું છે, વીરપણું જાગ્યું છે. સમજાણું કાંઈ? અલ્પકાળમાં આસ્રવના વિકલ્પોને તોડીને નિર્વિકલ્પ પરમાત્માને પ્રાપ્ત કરે એવું એનું વીર્ય છે, એમ કહે છે.

ત્રીજું ફળ થોડું લીધું, '**પાપકર્મનો અનુભાગ ઘટાડે...**' પાપકર્મનો રસ ઘટી જાય, પુણ્યકર્મનો અનુભાગ વધી જાય. લ્યો! સમજાણું? ચોથું ફળ, '**આયુષ્યકર્મ સિવાયના સર્વ કર્મોની સ્થિતિ...**' ઘટતી જાય. સહજ અનુભવ થતાં, ભગવાનઆત્મા પોતાનાં અક્ષયસ્થિતિવંત ભગવાનઆત્મા, એના અનુભવથી, અનુભવ થતાં પુણ્યના રસ વધે, પાપરસ ઘટે. સમજ્યાને? અને આયુષ્યની સ્થિતિ પણ ઓછી બાંધે, એ નરક આદિની વધારે ન બાંધે અને સ્વર્ગની પણ અમુક બાંધે. '**આયુષ્યકર્મ સિવાયના સર્વ કર્મોની સ્થિતિ...**' ઓછી બાંધે. આયુષ્યની એક વધારે બાંધે. પણ બીજી સ્થિતિ તો ઘણી જ ઓછી (બાંધે). કેમકે મોક્ષમાર્ગે આવ્યો એને સંસારની સ્થિતિ કેમ વધે? ભગવાનઆત્મા પોતાના મોક્ષના, છૂટવાને માર્ગે ચડ્યો એને છૂટવાની સ્થિતિ કેમ વધે? એ કર્મ તો હવે છૂટવા યોગ્ય છે. એની સ્થિતિ ઘણી જ અલ્પ રહે, વિશેષ થાય નહિ.

'**જો કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા જેવું ધ્યાન ન થઈ શક્યું તો પછી મનુષ્ય, દેવગતિમાં જઈને ઉત્તમ દેવ થાય છે. જો સમ્યગ્દર્શનનો પ્રકાશ ટકી રહ્યો હોય તો...**' એ ટકી રહ્યો હોય, શું? એનો એ બન્યો, આત્મા છે ને બન્યો રહે એ ક્યાં ન બને? સમજાય છે કાંઈ? '**જો સમ્યગ્દર્શનનો પ્રકાશ ટકી રહ્યો હોય તો તે પછી દરેક જન્મમાં આત્માનુભવ કરીને પોતાની યોગ્યતા વધાર્યા કરે છે.**' એકાદ, બે ભવ કરવા પડે, રાગની મંદતા છે, પુરુષાર્થની કમી છે તો એમાં આગળ વધતા અનુભવ વધતો જાય. કહો, સમજાણું? છેવટે આઠે કર્મનો ક્ષય કરી, ચારનો (ક્ષય થયે) અરિહંત પરમાત્મા થાય, જ્ઞાનાવરણીય આદિ નાશ થઈને સર્વજ્ઞ થાય (અને) અઘાતિનો નાશ થયે સિદ્ધ થાય. લ્યો, શું ફળ ન થાય? અહીં સુધી (ફળ) થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**એના જ પ્રતાપે શ્રુતકેવળી થાય છે.**' આત્માના અનુભવથી શ્રુતકેવળી થાય. આહાહા..! ભણવાથી ન થાય, એમ અહીં કહે છે. આહાહા..! શું ફળ ન થાય? આત્મા આનંદકંદની જ્યાં અનુભવદશા પ્રગટી, કહે છે કે, (એ) શ્રુતકેવળી થાય. ભણવું પડે નહિ અને શ્રુતકેવળી થાય. આત્મા ભણ્યો એ શ્રુતકેવળી થાય, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બારઅંગ ચૌદપૂર્વધારી શ્રુતકેવળી?

ઉત્તર :- હા, અહીં નિશ્ચયનું ભાન થયું એ શ્રુતકેવળી થયો, પણ આ શ્રુતકેવળી ઓલાની વાત કરે છે, જ્ઞાનની ઉગ્રતાની વાત કરે છે. સમજાણું કાંઈ? શ્રુતકેવળી તો નિશ્ચયથી અનુભવ થયો એ નિશ્ચયથી શ્રુતકેવળી જ છે. ઓલો બાર અંગ, ચૌદ પૂર્વધારી શ્રુતકેવળી નહિ. પણ એ અનુભવ થતાં એ શ્રુતકેવળી થાય. એમ કહે છે. એના અનુભવની જાત એવી છે કે ન્યાં અંદરથી આગળ વધતાં શ્રુતકેવળી થઈ જાય. આ શાસ્ત્ર ભણતાં ભણતાં ભણતાં શ્રુતકેવળી થાય એમ નહિ, એમ નિષેધ કરે છે. ભગવાનની ખાણમાં અહીં જે પૂર્ણ જ્ઞાન પડ્યું છે, એનો અનુભવ થતાં શ્રુતકેવળી થાય, અવધિ થાય, મનઃપર્યય થાય. સમજાય છે? અને કેવળ પણ થાય.

'**આત્માનુભવીનો ઉદ્દેશ્ય કેવળ શુદ્ધાત્માની પ્રાપ્તિ જ રહે છે.**' લ્યો! '**પરંતુ પુણ્યકર્મ વધવાથી ઋદ્ધિ સંપદાઓ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.**' આવે છે, કહે છે. દાખલો આપ્યો છે. આમ્રફળ.. આમ્રફળ.. આંબો. કેરી વાવી. કેરી વાવી તો પહેલી તો એને પાંદડાં આદિ થાય ને? પાન, ડાળ એ થાય પછી ફળ થાય. '**જેમ કેરી માટે જ માળી આંબાના વૃક્ષ વાવે છે, ફળ આવવા પહેલાં તે માળી વૃક્ષના પાંદડાં, ડાળી અને ફૂલનો અનુભવ કરે છે.**' પછી કેરીનો (અનુભવ) થાય. સમજાણું? એમ આત્માનો અનુભવ થતાં કેટલાક પુણ્યનો ભાગ એને બહાર આવે. સ્વર્ગના સુખ, ચક્રવર્તી, તીર્થંકર વગેરે. પછી આત્માનું સુખ

પૂર્ણાનંદની પ્રાપ્તિ.

બીજો દાખલો આપ્યો છે. '**જેમ રાજમહેલ તરફ જનાર મનુષ્ય સુંદર માર્ગ પર ચાલે છે.**' મોટો ચક્રવર્તીનો બંગલો હોય એ અંદરમાં જતાં માર્ગના રસ્તામાં જ એની બીજી જાત હોય, એ કાંઈ બીજાના ઘર જેવો માર્ગ અંદર ન હોય.

મુમુક્ષુ :— ગલી, કુચી ન હોય.

ઉત્તર :— ગલી, કુચી નહિ, માર્ગ જ બીજી જાતનો હોય. જ્યાં દિગ્વિજય રહેતો ત્યાં બંગલામાં અંદર ગયા ત્યાં મોટો બંગલો.. ઓ..હો..હો...! જુઓ તો માર્ગ જ બધો એવો હોય. મોટા બંગલા હોય એના રસ્તા (જુદી જાતના હોય). ચક્રવર્તીના બંગલે જવું હોય તો એનો રસ્તો જ બધો (જુદી જાતનો હોય). આમ દરવાજામાં પેસતા જ ચારે કોર ઉપવન હોય, એમ કહે છે. સમજાણું?

'**મનોહર ઉપવનોમાં રોકાય છે,...**' લ્યો! વિશ્રાંતિ લેવી પડે, થોડો લાંબો માર્ગ તો બેસે. '**શીતળ જળ પીએ છે,...**' મોટા રાજાના બંગલા મોટા બે-બે, પાંચ-પાંચ, દસ-દસ, વીસ-વીસ ગાઉમાં (હોય). 'જાપાન'માં મોટો દરબાર છે ને! બહુ મોટો છે. ઘણો મોટો, કેટલા માઈલમાં તો એનો મોટો બંગલો છે. 'જાપાન' કીધું ને? રાજાની વાત સાંભળી હતી, ક્યાંક લખી હોય, સાંભળી હોય. મગજમાં કોને યાદ હોય છે. સમજાણું? '**પૌષ્ટિક ફળો ખાય છે...**' એવા ફળો હોય એ તોડીને ખાય. સમજ્યા ને? લ્યો, ઠીક!

'**તેવી જ રીતે મોક્ષનો અર્થી જીવ નિર્વાણ પહોંચવા માટે આત્માના અનુભવની સુખદાયક સડક પર ચાલે છે.**' આત્માના અનુભવરૂપી સુખદાયક સડક પર ચાલે. ત્યાં દુઃખ નથી. આહાહા..! મોક્ષરૂપી મહેલમાં પહોંચવા પહેલાં પણ સુખદાયક સડક પર ચાલે. અંતરના જ્ઞાનાનંદની એકાગ્રતા દ્વારા સુખરૂપી સડક ઉપર ચાલે. સમજાણું? એવું ફળ છે, લ્યો! (પછી) 'તત્ત્વાનુશાસન'નું કાંઈક કહ્યું છે. એ જ કહ્યું છે.

મુમુક્ષુ :— વસ્તુમાં તો મીઠાશ છે પણ એના વર્ણનમાં પણ મીઠાશ છે.

ઉત્તર :— વર્ણનમાં, વાણીમાં મીઠાશ છે એ તો અમૃત કહેવાય છે, ઓલાને (આત્માને) લઈને. સમજાણું? સાકરનો કોથળો હોય ઈ સાકરમાં તોળાઈ જાય. સાકર હોય ને? મોટા મોટા ગાંગડા! ચાર-ચાર મણના કોથળા હોય. સાકરનો કોથળો સાકરમાં તોળાય. અઢી શેરનો કોથળો સાકરમાં ગણાય. રૂપિયાના કોથળા, એ રૂપિયાનો કોથળો રૂપિયામાં તોળાય. પહેલા રૂપિયાના કોથળા ભરાતાં. આ રૂપિયા પહેલા નગદ હતા ને! કોથળાના કોથળા ભરતાં. 'સાયલા'નું સાંભળ્યું હતું ને? 'સાયલા'નું નહિ? 'સાયલા' છે ને, 'સાયલા'! ત્યાં પહેલા શેઠિયા હતા, સારા શેઠિયા હતા. એના છોકરાના લગ્ન હતા, છોકરાના લગ્ન. રાજાને શેઠ ઉપર પ્રેમ, શેઠને રાજા ઉપર પ્રેમ. કોઈને (કોઈની સાથે) દગો નહિ, ખુલ્લું બતાવે એ તો. મોટી ઓસરી હતી. એમાં દાણાની થપ્પીઓ નાખે એમ રૂપિયાના થેલા ભરેલાની થપ્પીઓ (મારેલી). રાજકુમાર સાથે (હતો). રાજાનો દીકરો સાથે (હતો). શેઠનો દીકરો પરણે એટલે રાજાને બોલાવેલા. છોકરો આમ આમ હાથ મારે છે, ઓલી રૂપાની થેલીઓ પડી હતી. રૂપિયાના કોથળાના કોથળા ભરેલા, હોં! આખી લાઈન. 'બાપુ! આ શું છે?' રાજાને કહે છે. 'ભાઈ! આપણા શેઠ રૂપિયાવાળા બહુ છે અને એ રૂપિયા અહીં રાખ્યા છે.' 'કેમ?' કે, 'એનું જાય તો આપણે ભરવું પડે, એવો એને આપણી ઉપર વિશ્વાસ છે.' રાજા એવા મીઠા હતા. એના પૈસા ઉઘાડા અહીં મૂક્યા છે. એક કોથળો જાય તો આપણને કહે, તો આપણે ભરવા પડે. એને આપણી ઉપર એવો વિશ્વાસ છે. કોઈ લ્યે નહિ, કોઈ એને અડે નહિ. ભાઈ! એ વખતે રાજા એવા (હતા). એમ નહિ કે, આટલું બધું આની પાસે? મારી પાસે નહિ ને આની પાસે આટલું બધું, એમ નહોતું. (રાજાના છોકરાને એમ કે) આ શું છે? (પહેલા) ખારેકું વેંચતા ને? ખારેકું. ખારેકું વેંચતા એટલે રાજા કુંવરે હાથ (અડાડ્યો કે) આ ખારેકું ભરી છે? ખારેકું નથી, ભાઈ! કુંવર! એ તો રૂપિયા, શેઠના રોકડા રૂપિયા છે. આટલા ખુલ્લા? ખુલ્લા કયાં, એ તો આપણા શેઠને અમારો વિશ્વાસ છે. અમે રાજના પુત્ર છીએ. પુત્રની લક્ષ્મી રાજની છે, એમ ધારીને એને દરકાર નથી. કોઈ લઈ જશે કે કોઈ લૂંટશે,

એવી દરકાર નથી માટે ખુલ્લું મૂક્યું છે. એ..ઈ...!

એક જણાને ઘરે એક મોટા નેતાને જમાડવા બેસાડ્યો અને જ્યાં ચાંદીના દસ હજારના થાળ મૂક્યા ખાવા (તો કહે), તમારે આવા ક્યાંથી? પોતે સાધારણ બિચારાને નેતા બનાવ્યા છે. ઘરમાં કાંઈ ન હોય, સમજવા જેવું (હોય). ઓલા સાધારણ ગૃહસ્થને ઘરે દસ હજારના ચાંદીના થાળ હોય. પાંચ-દસ લાખ, પચીસ લાખની મૂડી હોય (તો) દસ હજારના ચાંદીના થાળ (મૂક્યા હોય). (તો એ કહે), તમારે આ ક્યાંથી? અરે..! આવી તમને ઈર્ષ્યા! ઓલા તો રાજાની મીઠી નજરું. સમજ્યા ને? બધી લાઈન જ જુદી હતી. સમજ્યા? પુણ્ય પણ જુદાં.

અહીંયાં પરમાત્મા પોતે.. ઓ..હો..હો...! એના લગ્ન મંડાણા. એમાં કોથળીઓની કોથળીઓ રત્નની ભરી હોય, કહે છે. આ શું છે? આ તો રત્નનો ભરેલો ભગવાન ચૈતન્ય રત્નાકર છે. એ નિર્ભયથી, પોતાના વીર્યથી પૂર્ણાનંદને પ્રાપ્ત કરશે. ભગવાનને પૂછે તો ભગવાન એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણને, કેવળજ્ઞાનને પામશે. ભગવાનને પૂછ્યું, કોણ છે 'કુંદકુંદાચાર્યદેવ'? ત્યાં પૂછ્યું. આવડા ચાર હાથના આચાર્ય. ન્યાં ગયા. ચક્રવર્તીએ પૂછ્યું. ચાર હાથનું શરીર. ત્યાં પાંચસો ધનુષનો દેહ. ત્યાં નીચે બેઠા, હેઠે બેસી ગયા. હાથમાં ઉપાડીને (પૂછે છે), મહારાજ! આ કોણ છે? ભરતક્ષેત્રના ધર્મધુરંધર આચાર્ય છે. ભગવાનના મુખે વાત નીકળી. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. અત્યારે બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ભગવાનને ચક્રવર્તીએ પૂછ્યું, નાનું શરીર એટલે આમ તીડ જેવું લાગે. આ તીડ જેવો માણસ કોણ છે? આટલું નાનું નાક ને આ બધું.. પાંચસો ધનુષનો દેહ અને આ પાંચસોનો ભાગ. ચાર હાથ અને ઓલો બે હજાર (હાથ). કોણ હશે? નાક, કાન, હાથ, પગ. ભરતક્ષેત્રના ધર્મધુરંધર આચાર્ય (છે). પહેલા નંબરના આચાર્ય છે. આહા..હા...! ભગવાનના શ્રીમુખે વાણી, દિવ્યધ્વનિ દ્વારા (નીકળી), હોં! એમને આમ કંઈ વાણી ન નીકળે. દિવ્યધ્વનિ દ્વારા (કહ્યું), એ ભરતક્ષેત્રના મહાઆચાર્ય છે. આહાહા..! એનું કેવળજ્ઞાન નક્કી થઈ ગયું. સમજાણું કાંઈ? એ તો પંચમઆરામાં અવતાર (છે), એટલે સ્વર્ગમાં ગયા છે. ન્યાંથી નીકળી મનુષ્ય થઈ, કેવળ લઈને મોક્ષ જવાના છે. એ 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત કેવળજ્ઞાન (લેશે). ભગવાનની વાણીમાં નીકળ્યું કે, આ આચાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વાણીનો યોગ એની પાસે આવ્યો. કેવળજ્ઞાની પાસે ઈચ્છા વિના વાણીનો યોગ. જુઓ તો ખરા! આહાહા..! એમ આ કહે છે, આત્માનું ધ્યાન કરતાં, વીર્ય ફાટતાં અનંત સ્વરૂપની રચના કરવાની ત્યાં તાકાત અને ઉત્સાહ એને વધે છે. કેવળજ્ઞાન (લેશે).

***(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)***

બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે! હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું? આપના દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહેશે, બાકી નિરુપાયતા છે. (કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનું કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે ક્યું પદ આપશે? એ કંઈ આપના વિચારમાં આવે છે? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઈ રીતે કંઈયે બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.

આપ જે કંઈ વ્યવહાર ધર્મપ્રશ્નો બીડો છો તે ઉપર લક્ષ અપાતું નથી. તેના અક્ષર પણ પૂરા વાંચવા લક્ષ જતું નથી, તો પછી તેનો ઉત્તર ન લખી શકાયો હોય તો આપ શા માટે રાહ જુઓ છો? અર્થાત્ તે હવે ક્યારે બનશે? તે કંઈ કલ્પી શકાતું નથી. વારંવાર જણાવો છો, આતુરતા દર્શન માટે બહુ છે; પરંતુ પંચમકાળ મહાવીરદેવે કહ્યો છે, કળિયુગ વ્યાસભગવાને કહ્યો છે; તે ક્યાંથી સાથે રહેવા દે? અને દે તો આપને ઉપાધિયુક્ત શા માટે ન રાખે? આ ભૂમિકા ઉપાધિની શોભાનું સંગ્રહસ્થાન છે.

ખીમજી વગેરેને એક વાર આપનો સત્સંગ થાય તો જ્યાં એકલક્ષ કરવો જોઈએ છે ત્યાં થાય, નહીં તો થવો દુર્લભ છે. કારણ કે અમારી હાલ બાહ્ય વૃત્તિ ઓછી છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૮૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૯-૧૧-૧૯૮૩, પ્રવચન નં. ૨૦૦ (વિષય : ભેદજ્ઞાન)**

**ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાન પૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર. ૩૮૫.**

૩૮૫. '**ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી.**' (રાગ) ક્યાં રહ્યો છે? કે જીવની અવસ્થામાં. જીવ અને રાગ. રાગ છે એ જીવસ્વરૂપે નથી. જીવવિકાર છે પણ જીવસ્વરૂપે નથી. એવું એનું મૂળ સ્વરૂપ નથી. એટલે '**ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે...**' જે એના પ્રદેશો છે તે એક છે. જે ભિન્ન પ્રદેશો કહેવાય છે એ પણ અપેક્ષિતપણે કહેવાય છે, મર્યાદિતપણે કહેવાય છે. એનાથી ભિન્નપણું ભાવમાં વધારે આવિર્ભૂત કરવા માટે કહેવાય છે. પણ એક આત્માને જે પ્રદેશો છે તે જ પ્રદેશો અનાદિઅનંત છે. અસંખ્ય. જેટલા છે તેટલા તે જ છે. અને તેમાં જ તેની સર્વ ગુણોની પર્યાયો, અનંત ગુણોની પર્યાયો વિકારી અને અવિકારી બધી ત્યાં જ ઉત્પન્ન થાય છે. ત્યાં જ હોય છે. ક્ષેત્રને છોડીને ક્યાંય હોતી નથી. આ આગમનો વિષય થયો. પછી અધ્યાત્મમાં ભિન્નતા કરવા માટે રાગના પ્રદેશ જુદા અને પર્યાયના પ્રદેશ પણ જુદા એમ કહેવામાં આવે. એ અપેક્ષિત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયા ભાવ અપેક્ષાએ છે. જ્યાં હું મારો સામાન્ય સ્વરૂપનો અનુભવ હુંપણે કરું છું, ત્યાં...

તોપણ ત્યાં એને નથી એમ એને કહેવામાં આવે. એમ. કેમકે જ્યાં વિશેષ છે ત્યાં અનુભવ છે અને ત્યાં સામાન્ય નથી. વિશેષમાં સામાન્ય નથી અને સામાન્યમાં વિશેષ નથી. નહિતર બંને એક થઈ જાય.

મુમુક્ષુ :- પોતાનું જ દ્રવ્ય, પોતાના ગુણ અને પોતાની જ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની જ વાત છે. એકમાં પોતાની જ વાત છે. પોતામાં ને પોતામાં જ્યાં રહે છે. સ્વસામાન્યમાં અહંપણું કરવાનો ન્યાય હોય ત્યારે એ ન્યાયથી આમ કહેવું તે નિર્દોષ છે. મારા પ્રદેશો ભિન્ન છે અને રાગના પ્રદેશો ભિન્ન છે. મારા પ્રદેશો ભિન્ન છે અને મારા ક્ષેત્રમાં પર્યાયનુ પણ ક્ષેત્ર નથી. એમ કહેવું એ ન્યાયસંપન્ન છે. એમ કહી શકાય છે.

મુમુક્ષુ :- ભાવની...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવની અપેક્ષાએ છે. સ્વભાવનો આવિર્ભાવ કરવાની ત્યાં અપેક્ષા છે. વસ્તુનું સ્વરૂપ જે

છે એમાં કોઈ ફેરફાર નથી. સ્વચતુષ્ટયથી જે વસ્તુનું અસ્તિત્વ છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવથી એવો જે આગમમાં સ્થાપિત સિદ્ધાંત છે એમાં કોઈ ઊલટફેર કરીને કે એ સિદ્ધાંતને ખોટો ઠરાવીને કોઈ વાત કહેવામાં આવતી નથી.

મુમુક્ષુ :- જે રાગભાવ ઉત્પન્ન થયો..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યાયના લક્ષે રાગ થાય છે. રાગના લક્ષે પણ રાગ થાય છે, પર્યાયના લક્ષે પણ રાગ થાય છે અને ગુણભેદના લક્ષે પણ રાગ થાય છે.

રાગ થવાના ચાર કારણ. ઠીક! એક તો પરપદાર્થના લક્ષે રાગ થાય. બીજું, પોતાના રાગના લક્ષે પણ રાગ થાય. પોતાની ક્ષયોપશમ આદિની અવસ્થાના લક્ષે પણ રાગ થાય. શુદ્ધ પર્યાય હોય અને એનું લક્ષ કરે તોપણ રાગ થાય. એક સમયની પર્યાયના લક્ષે—પર્યાયમાં બે વાત આવી. વિકારી અને અવિકારી—એ બંને પર્યાયના લક્ષે રાગ થાય. અભેદથી લઈએ તો ત્રણ બોલ લેવાય. પરપદાર્થ, પર્યાય અને ભેદ. ગુણભેદના લક્ષે પણ રાગ થાય. પર્યાયમાં વિકારી અને અવિકારી બે ભેદ લ્યો તો ચારેય મુદ્દા રાગની ઉત્પત્તિના કારણો છે. તેથી એક ત્રિકાળી સામાન્ય સ્વસત્‌નું લક્ષ કરાવ્યું છે અને આ તમામનું લક્ષ ઉડાડવા માટેનું જે પ્રયોજન છે એ પ્રયોજનથી કહેવાતા એ વચન નિર્દોષ છે. પ્રયોજનથી કહેવાતા અને કહેતા તે પ્રયોજન કહેનારના આત્મામાં સચવાતા, એમ લેવું, એ કથન નિર્દોષ છે. કેમકે કહેનારને એના ગુણનો આવિર્ભાવ થવો ઘટે છેને. શું કરવા એ કહે છે? શા માટે કહે છે? કે પોતાના ગુણનો આવિર્ભાવ કરવા માટે કહે છે. એવું પ્રયોજન પોતાનું પણ એ સાચવે છે. બીજાને પ્રયોજનમાં એના વચનો નિમિત્તભૂત થાય છે.

મુમુક્ષુ :- .. નાખીને પોતાનું જ્ઞાન કરવું એ ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન સમજાણો નહિ.

મુમુક્ષુ :- સ્વપરનું જે ભેદજ્ઞાન .. કીધાને હમણા. પરનું જ્ઞાન ... નાખવું હોય તો .. આત્મા તરફનું જે લક્ષ નથી અને .. લક્ષ એ અમને..

પૂજ્ય ભાઈશ્રી :- એ ચારેય પર છે. એકમાં નાખવું હોય તો ચારેયને પરમાં નાખવું. આ સ્વ અને બાકી બધું પર. જ્ઞાયક તે સ્વ, જ્ઞાયક તે હું અને બાકી બધું પર. એમાં બધું આવી જાય છે. છેને? જ્ઞાયક તે હું અને બાકી બધું પર. એ પરમાં ચારેચાર બોલ આવી જાય છે.

મુમુક્ષુ :- ... કહેતાં એક જ્ઞાનગુણની જ પર્યાય આવે કે બધું આવી જાય છે? શ્રદ્ધા, જ્ઞાન બધું?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ. પર્યાયમાં મોક્ષ સુધીની બધી પર્યાયોનું લક્ષ કરવા જેવું નથી. મોક્ષવાળા તો કરતા નથી. જોકે સાધકપણ કરતા નથી. વિકારી, અવિકારી કોઈ ભેદ. પર્યાયને વેદે છે. સાધક અવસ્થામાં વિકાર છે એટલા દુઃખને, અવિકાર છે એટલા સુખને. અને કેવળી એના પરિપૂર્ણ શુદ્ધતા અને સુખને વેદે છે. પણ લક્ષ તો કરતા નથી. પણ જે લક્ષ કરે છે અનુપસ્થિત એવી પોતાની કેવળજ્ઞાનાદિની પર્યાયનું, ભવિષ્યકાળમાં તે આત્માને કેવળજ્ઞાન થવાનો હોય, પણ અત્યારે ભાવનાથી ઉપડે. પૂર્ણતાને લક્ષે શરૂઆત. ત્યાં પણ લક્ષ શબ્દ વાપર્યો છે. પણ એ લક્ષ કરવા માટે નથી. એ લક્ષનો અર્થ ત્યાં ધ્યેય છે. ત્યાં પ્રયોજન છે.

લક્ષના જુદા જુદા અર્થ છે. પર્યાયમાં લક્ષનો વિષય આવે ત્યારે ત્યાં ધ્યેય સમજવો. ત્યાં પ્રયોજન લેવો. પ્રયોજનનો દૃષ્ટિકોણ લેવો. ત્યાં આશ્રયને ન લેવો. અને ત્રિકાળી લક્ષ કરવાની વાત આવે ત્યાં આશ્રયની વાત છે. ત્યાં આશ્રય કરવો એમ વાત છે. એમ બે જુદા જુદા અર્થ છે લક્ષના. એટલે કોઈ જીવને ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું હોય અને અત્યારે ભાવના ભાવે કે આવી મોક્ષપર્યાય મને પ્રગટ થાઓ. તો એને ત્યાં રાગ થશે. અનુપસ્થિત એવી કેવળજ્ઞાનની પર્યાયના લક્ષે એને રાગ થશે. નિયમથી એને રાગ થશે. નિયમબદ્ધપણે આ ચારેય પદ એવા છે. પરપદાર્થ, પર્યાયનો વિકાર, પર્યાયનો અવિકાર અને ગુણભેદ. ચારેય પદ એવા છે કે નિયમથી એના લક્ષે રાગ થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ.

અને સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી શુદ્ધાત્મા છે, જ્ઞાયક આત્મા છે એના લક્ષે વીતરાગતા થાય, થાય ને થાય જ. અહીંયાં રાગ થાય જ, અહીંયાં વીતરાગતા થાય જ. ચોખ્ખી વાત છે. કોઈ ગોળ ગોળ વાત છે. અપેક્ષા કહી કહીને ગોળ ગોળ કરી નાખી છે, અપેક્ષા કહીને કોઈ વાતનો નિર્ણય થતો નથી એમ નથી. નિશ્ચિતપણે, નિયમબદ્ધપણે આમ જ વાત છે.

'**ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એકક્ષેત્રે રહે...**' એક થઈ જાય એ તો વાત જ નથી. એક ક્ષેત્રમાં રહે પણ પોતપોતાના સ્વરૂપે રહે છે. રાગ રાગના સ્વરૂપે રહે છે. જીવની અવસ્થા વિકાર હોવા છતાં જો જીવસ્વરૂપે થયો હોય, રહ્યો હોય તો જીવમાંથી મટે નહિ. કેમકે એ સ્વરૂપ થઈ ગયું એનું. પણ એવું સ્વરૂપ ખરેખર જીવનું નથી. સિદ્ધ પરમાત્માઓમાં તે જોવામાં આવતો નથી. ખરેખર રાગ જીવનું સ્વરૂપ હોય તો ત્યાં રહેવો જોઈતો હતો. પણ અનંતમા ભાગે રાગની મલિનતા એમની શુદ્ધ ઉજ્જ્વળ દશામાં નથી.

'શ્રીમદ્જી' જ્યાં શુક્લધ્યાનનું વર્ણન કરે છે ત્યાં એવી વાત કરે છે. શુક્લ એટલે ઉજ્જ્વળ. શુદ્ધ—ઉજ્જ્વળ ચંદ્રના તેજથી અને સમુદ્રના ફીણથી પણ ઉજ્જ્વળ. આવા શબ્દો વાપર્યા છે. સમુદ્રના ફીણ સફેદ બહુ દેખાય. બહુ ફીણ જ્યારે થાય ત્યારે એકદમ સફેદ હોય. રાત્રે અંધારું હોય તો તો એમાં સફેદ સફેદ દેખાય. મોજા આવતા હોય ને એટલે. એવું ઉજ્જ્વળ શુક્લધ્યાન હોય છે. વર્ણન એવું કરે છે. પોતાને તો શુક્લધ્યાન થયું નથી. હજી અહીંયાં તો ધર્મધ્યાન છે. શુક્લધ્યાન થયું નથી. તોપણ શુક્લધ્યાનનું વર્ણન કરે છે. ન થયું હોવા છતાં એનું જ્ઞાન થાય છે એમ કહે છે. થાય ત્યારે તો જ્ઞાન થાય એમાં કાંઈ નવું નથી. પણ થયા પહેલા જ્ઞાન થાય.

મતિ-શ્રુતએવ સર્વ દ્રવ્યેષુ પર્યાયેષુ. 'તત્ત્વાર્થસૂત્ર'નું ઉમાસ્વામીનું સૂત્ર છે. સર્વ દ્રવ્યેષુ પર્યાય. સર્વ દ્રવ્ય પર્યાયેષુ. એટલે કે જેટલો કેવળજ્ઞાનનો વિષય જેમ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય છે, એમ મતિ-શ્રુતનો વિષય પણ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય છે. સર્વ દ્રવ્ય છે એટલું ન લીધું. સર્વ પર્યાય છે એમ પણ લીધું. ઠીક! ઉપયોગ નથી. જ્ઞાન નથી એમ ન કહી શકાય. છએ દ્રવ્યનું જ્ઞાન છે. એટલો કેવળજ્ઞાનનો વિષય પ્રત્યક્ષ છે. એટલો જ પરોક્ષ વિષય મતિશ્રુતજ્ઞાનનો સમ્યગ્જ્ઞાનને પરોક્ષપણે છે. ઉપયોગ નથી થયો તોપણ એની લબ્ધિ એને પ્રગટ થઈ ગઈ છે.

આ લોકો લબ્ધિની પાછળ આકર્ષાય છે ને? ચોપડામાં લખે છે વાણિયાઓ. ગૌતમ ગણધરની લબ્ધિ હજો. ગૌતમસ્વામીએ તો છોડી એને. તું કહે કે મારે રાખવી છે. એમ તો કાંઈ લબ્ધિ મળતી નથી. પાછળ જાય તો ભાગે. પકડવા જાય તો ભાગે. એ તો ત્યાગે એને આગે છે. છોડે એને ઉત્પન્ન થાય છે. પાછળ-પાછળ જાય એને એ મળતી નથી.

શું કહે છે? એક ક્ષેત્રે ભિન્નપણે રહીને રહે પણ બંને કદી પણ એકરૂપ થયા નથી અને કદી થઈ શકતા પણ નથી. ભલે અનંતા જીવો અનંત કાળથી રાગને જીવસ્વરૂપે માને છે, અનુભવે છે અને હજી અનંત કાળ અનુભવ કરશે અનંતા જીવો તોપણ વસ્તુ સ્થિતિ એમ થવી અશક્ય છે. રાગ જીવરૂપ થઈ શકશે નહિ. પણ અમે રાગને એટલો પોતાનો કરીને રાખ્યો છે, એટલી મીઠાશ એની વેદી છે કે હવે એ રાગને છોડવો કોઈ રીતે પાલવે એવું નથી. અરે..! જીવી શકાય એમ નથી. માણસ નથી કહેતા? જીવ શકાય એમ નથી. બહુ રાગ થાય ત્યારે એમ કહે કે તમારા વગર જીવી શકાય એમ નથી. બહુ દ્વેષ થાય ત્યારે એમ કહે કે કોઈ રીતે તમારી સાથે રહી શકાય એમ નથી. આ બધા કિસ્સા નજરોનજર જોયા છે, એકની એક વ્યક્તિના. શું થઈ ગયું પણ એને? કે રાગે પડખું ફેરવ્યું. એક સિક્કાની બે બાજુ. રાગ છે ત્યાં દ્વેષ ઊભો જ છે.

'**માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા.**' આમ કહીને જીવને હળવો કરી નાખે છે. તારા પરિણમનમાં રાગના એકત્વને લઈને કદાચ તને એમ લાગે કે હું રાગથી ઘેરાયેલો છું, રાગથી હું હવે ઘેરાઈ ગયો છું. તો કહે છે કે તું પ્રસન્ન થા. તારા ચિત્તમાં એટલી હળવાશ આવે કે રાગ છે એ જીવસ્વરૂપે થયો નથી, થઈ શકતો નથી. કોઈ મુંઝાવાની તારે જરૂર નથી. મુંઝવણ થાય છે ને. માણસને રસ્તો ન મળે ત્યારે મુંઝવણ થાય કે આનું કરવું શું? આ રાગ છે એ કઈ ખાણમાંથી ચાલ્યો આવે છે કે છૂટતો જ નથી. નીકળ્યા જ કરે છે... નીકળ્યા જ કરે છે... નીકળ્યા જ કરે છે. કહે છે કે અજ્ઞાનની ખાણમાંથી એ ચાલ્યો આવે છે. જે પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે—સ્વસત્‌નું અજ્ઞાન છે એમાંથી રાગ આવે છે. અને એ અજ્ઞાન છે એક સમયની પર્યાય. એની કોઈ લાંબી ગુંઝાઈશ નથી. એ ખાણ કેવડી છે? કે એક સમયની પર્યાય જેટલી. અનાદિથી આ બધા ચાલ્યો છેને? અનાદિથી એ નવો... નવો... નવો... છે. અજ્ઞાન પણ નવું અને રાગ પણ નવો. પ્રતિસમય નવો નવો છે.

એ જ્યાં સ્વસત્‌નું જ્ઞાન થાય છે અથવા એને એમ કહે છે કે અનુભવ ભલે તને પછી થાય પણ અત્યારે એટલો હળવો થઈને ચિત્ત પ્રસન્નતામાં તો આવ કે આ રાગ છે એ જીવરૂપે થયો નથી, જીવ રાગરૂપે થયો નથી. ભિન્ને ભિન્ન રહ્યા છે. ભલે એકક્ષેત્રમાં રહ્યા છે તોપણ ભિન્ને-ભિન્ન જુદેજુદા રહ્યા છે. એક થયા નથી.

'**પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી...**' 'ગુરુદેવ' આ સંબોધન કરતા હતા. પ્રભુ કહીને. બધા આત્માઓ પરમાત્મા છે સ્વરૂપે કરીને. સ્વરૂપે પ્રભુ છે. એ પ્રભુથી બોલાવે. અહીં સાંભળવા આવે એને જ કહે એમ નહિ. છાપામાં વિરુદ્ધ લખે ને? એને એમ જ કહે. ગમે તેવું તોછડું લખ્યું હોય, ગમે તેવું સિદ્ધાંત વિરુદ્ધ લખ્યું હોય તો વાંચીને એમ કહે, અરે..! પ્રભુ! આ શું? એને પણ પ્રભુ જ કહે. અરે.! પ્રભુ આ શું? ઠીક! દૃષ્ટિએ તો એ પ્રભુ છે. ભૂલ્યો છે, પોતાની પ્રભુતાને એ ભૂલ્યો છે.

મુમુક્ષુ :- શ્રોતાને પણ પ્રભુ કહે?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રોતા સાંભળવા આવ્યા છે એટલે કહે એમ નહિ. એમને એમ હાએ હા પાડે છે માટે પ્રભુ કહે એમ નહિ. એમને ના પાડનારને પણ પ્રભુ કહે. 'સોનગઢ'વાળા કહે છે એ આમ ખોટું છે, ફલાણું છે. ગમે તેમ સ્થાપતા હોય. પ્રભુ! એમ નથી. અરે..! ભગવાન! એમ નથી. ભગવાન કહે, પ્રભુ કહે. સામાન્ય વાતચીતમાં આ તો બધી વાત આવે છે. વ્યાખ્યાનમાં તો કહે પણ સામાન્ય વાતચીતમાં એમ કહે. પહેલા તો ભક્તિમાંથી આવે પછી બેસતા, આહારનો ટાઈમ થાય ત્યાં સુધી પાટ ઉપર. પછી આવી રીતે કોઈ કહેવાતા જૈન છાપાઓ, કહેવાતા જૈન છાપાઓ જ છે ને, બધી આલોચના દુનિયાભરની કરતા હોય. 'સોનગઢ'ની પણ ભેગી આવે.

કહે છે કે '**પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી...**' તું ભગવાન આત્મા છો. અને તારો આત્મા તારા સ્વરૂપને છોડીને રાગરૂપે થઈ ગયો હોય એવું બન્યું નથી અને બની શકે એવું પણ નથી. એવું બન્યું નથી અને બની શકે એવું પણ નથી. વિશ્વાસ આવવો જોઈએ એને પ્રતીતિ આવવી જોઈએ. પ્રતીતિ આવે તો ફેરફાર થઈ જાય એવું છે પરિણમનનું. '**માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને,...**' આ શરત નાખી છે. '**તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર.**' ચિત્ત પ્રસન્નતા લીધી છે ને? પ્રસન્ન થા ત્યારથી લીધું.

રાગમાં એકત્વપણે ઘેરાયેલું તારું ચિત્ત છે. જરાક હળવાશથી, હળવો થઈને રાગની પક્કડ ઢીલી કરીને. મૂકી દેવાની છે પણ ઢીલી તો કર. એમ કહે છે. રાગની પક્કડ ઢીલી કરીને, ચિત્તને ઉજ્જ્વળ કરીને એટલે જ્ઞાનને ચોખ્ખું કરીને. ચિત્ત એટલે જ્ઞાન. જરાક ભૂમિકાના જ્ઞાનને નિર્મળ કરીને. એટલે રાગરસને સ્વરૂપ પ્રાપ્તિની જિજ્ઞાસામાં આવીને રાગરસને તોડીને, રાગરસને મંદ કરીને ચિત્તને ઉજ્વળ કરીને જરાક જ્ઞાનમાં જગ્યા તો કર. જ્ઞાનનું દર્પણ છે. અરીસો છે તારો જ્ઞાનનો એને જરા ચોખ્ખો કર. એના ઉપરનો મેલ થોડો પાતળો થાશે તો અંદર તારું જે સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એ અનુભવ થવાનો અવકાશ ઊભો થશે.

મુમુક્ષુ :— રાગનો રસ ઢીલો કરીને એટલે જ્ઞાનનો રસ...

પૂજ્ય ભાઈશ્રી :— જ્ઞાનરસ વધે. રાગરસ વધે ત્યારે જ્ઞાનરસનો નાશ થાય. જ્ઞાનરસ વધે ત્યારે રાગરસનો નાશ થાય. એકબીજાના પરસ્પર વિરોધી—વિરુદ્ધ સ્વભાવવાળા છે.

'**માટે તું તારું ચિત્ત ઉજ્જ્વળ કરીને, સાવધાન થઈને...**' જાગૃત થઈને. સાવધાન થઈને એમ કહેવું છે. તું આત્મા છો. તું કોઈ સંસારી પ્રાણી નથી. મનુષ્યપ્રાણી પણ નથી, વાણિયો, બ્રાહ્મણ પણ નથી અને સ્ત્રી-પુરુષ પણ તું નથી. અમીર-ગરીબ પણ નથી અને ગૃહસ્થી, ત્યાગી પણ તું નથી. આ બધા બોલ આત્માને કોઈ લાગુ પડતા નથી. મિથ્યાબુદ્ધિએ એવો અનુભવ કરવો એ આત્માને સંસારમાં પરિભ્રમણનું કારણ છે. અથવા અનેક પાપની પરંપરાનું કારણ આ પર્યાયબુદ્ધિ છે કે કાંઈની કાંઈ એની એણે કલ્પના કરી છે. હું ફલાણો...ફલાણો... ફલાણો... ફલાણો... ફલાણો છું.

સાવધાન થઈને એટલે જાગૃત થઈને કે હું જ્ઞાયકમાત્ર છું. એમ અંતરમાં જાગૃત થઈને '**રાગથી ભિન્નપણે...**' રાગથી જુદો આનંદસ્વરૂપનો અનુભવ કર. આ એક ક્ષણનો અનુભવ તારા અનંત જન્મ-મરણનો છેદ કરી

નાખશે. કેટલી શક્તિ આત્માની! એક ક્ષણનો આનંદનો અનુભવ આવે એને આંગળીને વેઢે ગણાય એટલા ભવ રહે પછી. એને કોઈ લાંબા ભવ રહેતા નથી. પાંચ-સાત-દસ ભવે છૂટકો મંદ પ્રયત્નવાળાનો. તીવ્ર પ્રયત્નવાળાનો તો બે-ત્રણ ભવમાં છૂટકો થઈ જાય. ઉગ્ર પ્રયત્નવાળાનો. ક્યાં અનંત ભવ અને ક્યાં પાંચ-સાત! એની તો કોઈ ગણતરી રહેતી નથી.

તુલના કરવા જેવી છે આ. એક ક્ષણનો અનુભવ અનંત જન્મ-મરણનો નાશક એની કિંમત કેટલી? અને એની અહીંયાં શક્યતા છે. જો ઉપયોગનો વેપાર કરે તો આ નફો થવાનો પૂરેપૂરો સંભવ છે. પછી વેપાર કર્યા વગર રહે? જો લાભ સમજે તો. લાભ દેખાય, વેપાર કરવાની પોતાની શક્તિ અને શક્યતા તપાસી લેવાય અને એ સમજાય તો વેપાર કર્યા વિના રહે નહિ. અને નહિતર અનંત જન્મ-મરણ ઊભા છે. એ પણ સામાન્ય વાત નથી. નુકસાન પણ મોટું અને લાભ પણ મોટો. મોટો લાભ થાય છે. એ લાભ નહિ. લોકો માને છે. લૌકિક આશય તો આમાં આવે એવું નથી. 'દ્રવ્ય આત્મલાભ પારિણામિકઃ' આત્મલાભને લાભ કહે છે. હસ્તિ. લાભ એટલે હસ્તિ. ખરેખર તો લાભનો અર્થ થાય છે તે હસ્તિ. દ્રવ્યની હસ્તિ છે પારિણામિકભાવ. જેનું લક્ષ કરાવવા માગે છે. અનંત શાસ્ત્રો, અનંત જ્ઞાનીઓ ઉપદેશમાં જેનું લક્ષ કરાવવા માગે છે તે આત્મલાભસ્વરૂપ પારિણામિકભાવસ્વરૂપ આત્મતત્ત્વ છે. એમ લેવું છે.

**'સાવધાન થઈને...'** લક્ષ કરવું છે ને એટલે. (કહે છે), **'સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદ સ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાનપૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર.'** રાગથી ભિન્નપણે કહ્યું. એ જ વાતને ભેદજ્ઞાનપૂર્વક કહ્યું. જે કાંઈ સ્વદ્રવ્યનો અનુભવ થાય છે એ ભેદજ્ઞાનથી થાય છે. ભેદજ્ઞાન કરવો એ અનુભવનો પ્રયાસ છે, અનુભવનો પ્રયત્ન છે. અનુભવમાં સ્વદ્રવ્યનો આશ્રય છે. એ સ્વદ્રવ્યનો આશ્રય થવા અર્થે અને પરદ્રવ્યનો અનાદિથી આશ્રય છે તે પરદ્રવ્યનો આશ્રય છૂટવા અર્થે જે કોઈ પ્રક્રિયા ઉત્પન્ન થાય એ પ્રક્રિયાને અહીંયાં ભેદજ્ઞાનની પ્રક્રિયા કહેવામાં આવે છે. ભેદજ્ઞાનમાં પરાશ્રય છૂટવાની એક પ્રક્રિયા ચાલુ થઈ જાય છે. આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ.. એનો જે રાગનો નિષેધ છે, રાગ અને રાગનો વિષય બંનેનો જે નિષેધ છે એ એનો આશ્રય છોડવાની પ્રક્રિયા છે. અને જ્ઞાન તે હું, જ્ઞાયક તે હું એમ સ્વમાં હુંપણું કરવાનો વારંવારનો પ્રયત્ન ભેદજ્ઞાનમાં જે થાય છે તે સ્વઆશ્રય કરવાનો પ્રયાસ છે, પ્રક્રિયા છે. એની સફળતા થાય છે એ પ્રયત્નમાં ત્યારે એને આનંદનો અનુભવ થાય છે. તેથી એમ કહે છે, પ્રસન્ન થઈને. એટલે ઉત્સાહિત વૃત્તિથી. માંદલાની જેમ નહિ. ઉત્સાહિત વૃત્તિથી, ઉલ્લાસિત વીર્યથી એમ કહે છે.

'શ્રીમદ્જી'એ એ શબ્દ વાપર્યો છે. ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો અધિકારી છે. આ પ્રકારનું લક્ષણ બાંધ્યું. પાત્રતાના ઘણા લક્ષણ છે ને? એમાં આ એક લક્ષણ નાખ્યું છે. ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો અધિકારી છે. એટલે કે અવસ્થાની અંદર જેણે ઉલ્લસિત થઈને કામ કરવાની પ્રકૃતિગત જે લાઈન છે, ભલે અત્યાર સુધી બહારના કામ ઉલળી-ઉલળીને કર્યા હોય, પણ એ જ વીર્ય એનું જ્યાં આ બાજુ વળે, દિશા ફેર થાય ત્યારે ઉલ્લાસિત વીર્યથી જોરથી એ પોતાના સ્વકાર્યમાં લાગે છે. એને સ્વતત્ત્વ વિશેષપણે અથવા બહુ નજીકથી, જલ્દી અનુભવમાં આવે છે. કેમકે લક્ષ થવામાં પણ જો એને પુરુષાર્થનો વેગ જેટલું કારણ આપવું જોઈએ એટલું કારણ ન અપાય, એ અહીંયાં પુરુષાર્થને કહેવામાં આવે છે, ત્યાં સુધી અનુભવ થતો નથી અને રાગ મટતો નથી. એટલે પ્રસન્ન થઈને એમ અહીંયાં લીધું. શબ્દ બીજો વાપર્યો છે.

**'પ્રસન્ન થઈને...'** પ્રસન્ન થવામાં રાગની કલુષતાથી મુક્ત થવું છે. સંક્લેશ પરિણામ છે. રાગ છે એ બધા ક્લેશિત પરિણામ છે. સંક્લેશ એટલે ક્લેશસહિતના પરિણામ છે. તેનાથી હળવો થઈને, ભેદજ્ઞાન કરી કરીને સ્વદ્રવ્યનો અનુભવ કર અને જન્મ-મરણનો નાશ કર. અહીં સુધી રાખીએ...

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, સોમવાર તા. ૮-૪-૨૦૧૯થી ચૈત્ર સુદ ૫, બુધવાર તા. ૧૦-૪-૨૦૧૯ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચારથી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠથી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૧૦-૪-૨૦૧૯, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાતથી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત ચિંતનકણિકાઓનું પુસ્તક 'અનુભવ સંજીવની' ગુજરાતીમાં તથા 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (ગુજરાતી તથા હિન્દી) પુનઃ પ્રકાશનાર્થે પ્રેસ ઉપર મોકલવામાં આવેલ છે. જેની મુમુક્ષુભાઈઓએ નોંધ લેવા વિનંતી.

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૭મી સમ્યક્ત્વ જયંતિ

જેમણે લઘુવયમાં જ ભવાંતકારી પવિત્ર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાને સાર્થક કરી મુમુક્ષુઓના પરમ આદર્શ બન્યા એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૭મી સમ્યક્ત્વ જયંતિ પ્રસંગે પવિત્ર ચરણોમાં કોટિ કોટિ વંદન.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧ B



**પ્રશ્ન :–** ...

**ઉત્તર :–** સ્વર્ગ–નર્ક હૈ. જૈસા પરિણામ હોતા હૈ કિ કોઈ અચ્છા ભાવ કરે જૈસે પુણ્યકા ઐસે અચ્છે–અચ્છે ભાવ કરે. ભગવાન કા, ગુરુકી સેવા કા, ભગવાનકી પૂજા કા, શાસ્ત્ર વાંચન કરે ઐસે અચ્છે ભાવ કરે તો અચ્છે ભાવ કરને સે પુણ્યબંધ હોતા હૈ. અચ્છે ભાવ કરને સે પુણ્યબંધ હોતા હૈ. ઔર ઉસકે ફલમેં સ્વર્ગ મિલતા હૈ. સ્વર્ગ હૈ જગતમેં. ઔર બહુત પાપકા ભાવ કરતા હૈ તો દુનિયામેં ઈસકા ફલ જૈસે કિસીકો જેલમેં બંદ કરે, કિસીકો ફાંસી દેતે હૈં. લેકિન ઉસસે ભી બડે પાપ કરતા હૈ તો ઉસકા ફલ નરક હૈ. ઉસ નરકમેં ઉસકા ફલ ભુગતને કે લિયે જાતા હૈ. જીવ સ્વયં જાતા હૈ. નારકી કા શરીર મિલતા હૈ ઉસકો. નરકમેં બહુત ઉસકો દુઃખ હોતા હૈ. ઐસી પીડા હોતી હૈ શરીર મેં. ઐસી ઠંડી, ઐસી ગરમી, પૃથ્વી ઐસી કી ઉસકા શરીર ભી છિન્ન હો જાયે. વૈસે નરકમેં જાતા હૈ. જો બહુત પાપ કરતા હૈ. માંસાહારી હોતા હૈ, ઐસા હોતા હૈ વહ સબ નરકમેં જાતા હૈ.

જો અચ્છા ભાવ ભગવાન કા કરતા હૈ. ભલે સમજણપૂર્વક કરે ઈસકી તો ક્યા બાત. બિના સમજે ભી ભગવાન કી ભક્તિ કરતે હૈં, ગુરુ કી ભક્તિ કરતે હૈં તો સ્વર્ગમેં જાતે હૈં. તો વહાં અચ્છા સ્થાન મિલે, શરીર અચ્છા મિલે, બાહરમેં અનુકૂલતા મિલે. ઐસા નરક–સ્વર્ગ જગતમેં હૈ. બહુત અચ્છે ભાવ કરતે હૈં તો જગતમેં ઉસકા ફલ ભોગને કે લિયે સ્વર્ગ હૈ. લેકિન વહ ભી એક ભવ હૈ. ઉસમેં ભી આયુષ્ય પૂરા હો જાતા હૈ, આયુષ્ય ખત્મ હો જાને પર પીછે જો ભાવ કિયા હૈ વૈસે મનુષ્યમેં આતે હૈં. કોઈ પ્રાણીમેં ભી ચલે જાતે હૈં. યદિ અચ્છા ભાવ નહિ કરે તો. વૈસે પ્રાણી ગાય, ભૈંસ, કૂત્તે ઐસે પ્રાણીમેં ભી ચલા જાતા હૈ. વૈસા ભાવ કરે તો ઉસમેં જાતા હૈ. બહુત પાપ કા ભાવ કરે તો નરકમેં જાતા હૈ. બહુત પુણ્ય કા ભાવ કરે તો દેવમેં જાતા હૈ. ઔર ઐસે મધ્યમ રહે તો પ્રાણીમેં જાતે હૈ. તો ઉસસે ભી અચ્છા કરે તબ હોતા હૈ. મનુષ્યમેં ઐસા ભદ્રિક પરિણામ કરે, માયા, કપટ ઐસા નહીં કરે તો ભદ્રિક મનુષ્ય હોતા હૈ. ઐસા હૈ. શાસ્ત્રમેં બહુત આતા હૈ. નરક, સ્વર્ગ, તિર્યંચ, મનુષ્ય યહ ચાર ગતિ હોતી હૈ. ઔર પીછે આત્મા કો પહચાને સ્વાનુભૂતિ કરે તો ચારોં ગતિસે છૂટ જાતા હૈ. ઉસકે બાદ ઉસે ગતિ નહીં મીલતી. આત્મા સ્વયં આત્મામેં લીન હોતા હૈ, મોક્ષ ગતિ કો પ્રાપ્ત હોતા હૈ. બાદમેં શરીર ભી નહીં મિલતા હૈ. દેવમેં ભી શરીર તો મિલતા હૈ. ઈસ દેવમેં ઈસકો રત્ન મિલે, ધન, મહેલ મિલે. ઔર ઉસમેં રાગ હો જાયે, એકત્વ હો જાયે તો ફિર પાપબંધ હોવે તો પ્રાણીમેં જાતા હૈ.

**પ્રશ્ન :–** .. ઉસસે છૂટા કૈસે જાયે?

**ઉત્તર :–** આત્મા કો પિછાને તો રાગ છૂટ જાયે. આત્મા કો પિછાને કિ યહ રાગ–દ્વેષ મેરા સ્વરૂપ નહીં હૈ. મૈં તો આત્મા હૂં. જાનનેવાલા હૂં. મૈં તો જ્ઞાતા હું. યહ રાગ–દ્વેષ મેરા સ્વભાવ નહીં હૈ. ઐસી મંદતા કરની ચાહિયે. પહલે તો છૂટતે નહીં હૈ તો ઉસકા ભેદજ્ઞાન કરે. મેરા યહ સ્વભાવ નહીં હૈ. મૈં તો આત્મા હૂં. યહ રાગ–દ્વેષ મેરા સ્વભાવ નહીં. હો જાયે તો ભી ઉસકી તીવ્રતા નહીં કરતા. મંદ હો જાયે. મંદતા કરે ઔર ઉસકા

ભેદજ્ઞાન કરે કિ મૈં જાનનેવાલા હૂં. યહ જાનનેવાલા, ઐસે જાનનેવાલે કા સ્વભાવ યદિ પ્રગટ હોવે તો ઈસકા ધીરે-ધીરે ભેદજ્ઞાન કરકે સ્વરૂપમેં લીન હો જાયે, ધીરે-ધીરે આગે જાયે તો રાગ-દ્વેષ ક્ષય હો જાતા હૈ. પહલે મંદ હોતા હૈ. અશુભભાવ હોતે હૈ બાદમેં શુભભાવ.

ભગવાન કી—જિનેન્દ્રદેવ કી, ગુરુ સ્તુતિ, ઐસા શાસ્ત્ર સ્વાધ્યાય ઐસા શુભભાવ કરે. લેકિન ઐસા શુભ ભી મેરા સ્વરૂપ નહીં હૈ. સિદ્ધ ભગવાનમેં તો કોઈ રાગ નહીં હૈ. ઐસે પુણ્યભાવ ભી નહીં, પાપભાવ ભી નહીં હૈ. ભગવાનની કિ ભક્તિ, ગુરુ ભક્તિકા ભાવ બીચમેં આતા હૈ. ફિર ભી આત્મા તો જાનનેવાલા હૈ. ઐસે આત્મા કો યદિ પહિચાને તો ઉસકા રાગ-દ્વેષ છૂટ જાતા હૈ. આત્મા કો પહચાને તો. લેકિન પહલે તો પાપભાવ છૂટકર શુભભાવમેં ગુરુ ક્યા કહતે હૈં, શાસ્ત્રમેં ક્યા આતા હૈ ઐસા ભાવ આતા હૈ. લેકિન મેરા આત્મા કૈસે મિલે? ઐસી ભાવના કરતે-કરતે આત્માકો જો પિછાને તો રાગ-દ્વેષ સબ છૂટ જાતા હૈ. ભેદજ્ઞાન કરે તો.

**પ્રશ્ન :–** અને દુઃખ કેમ મટે?

**ઉત્તર :–** એનો એ પ્રશ્ન થયો. સુખ મળે આત્માની જિજ્ઞાસા કરે તો. આ બધું દુઃખ જ છે એમ નિર્ણય થાય કે આ બધું દુઃખ છે. સંસારમાં બધુંય દુઃખ લાગે. આ જે સુખ લાગે છે—જે ધનથી સુખ, શરીરથી સુખ એ બધું સુખ લાગે એ એકેય સુખ નથી. કોઈ સુખ નથી. શરીરમાં રોગ આવે તોપણ દુઃખ અને શરીર નિરોગ હોય એ પણ સુખ નથી. એક્કેય સુખ નથી. બધું દુઃખ અંદર લાગે અને આત્મામાં જ સુખ છે બીજે ક્યાંય નથી. દેવલોકના દેવોમાં પણ સુખ નથી અને ચક્રવર્તીના રાજમાં પણ સુખ નથી. એવો નિર્ણય થાય અને સુખ તો આત્મામાં જ છે. એવો નિર્ણય થાય કે સુખ આત્મામાં છે અને આત્માને ઓળખે અને આત્મા જ્ઞાયક છે એમ ઓળખી અને એનું ભેદજ્ઞાન કરે, આ રાગથી જુદો પડે અને આત્માની સ્વાનુભૂતિ થાય તો એને સ્વાનુભૂતિમાં આત્માનો આનંદ પ્રગટ થાય છે અને આત્માનું સુખ પ્રાપ્ત થાય છે. તો આ રાગ-દ્વેષથી છૂટો પડી, રાગદ્વેષમાં જ દુઃખ છે એનાથી છૂટો પડે તો એના એ આત્માની સ્વાનુભૂતિ થાય અને આત્માનો આનંદ પ્રગટ થાય. પણ એ આત્માને ઓળખે, એની જિજ્ઞાસા કરે, એની મહિમા કરે. બહારની મહિમા છૂટી જાય.

ધનમાં કે શરીરમાં ક્યાંય સુખ નથી. એ દુઃખ તો દુઃખ છે. પ્રતિકૂળતા તો દુઃખ છે પણ ચક્રવર્તીનું રાજ હોય તોપણ એ સુખ નથી. એ પણ દુઃખ છે. દેવલોકના દેવ મળે તો એ પણ દુઃખ છે. એ બધું દુઃખ લાગે અને આત્મામાં સુખ છે એમ નક્કી થાય તો આત્માનું સુખ મળે. કેટલાકને એમ થાય કે બહારની પ્રતિકૂળતા એ તો દુઃખ પણ પુણ્ય મળે એ તો સુખ છે એમ એને લાગે. તો એ પણ સુખ નથી. સુખ એ નથી. એ તો કલ્પના છે. ચક્રવર્તીના રાજમાં કાંઈ સુખ નથી. એ તો કલ્પી લીધું છે કે આ બધું સુખ છે. એમાં પણ સુખ નથી.

સુખ તો આત્મામાં છે. એમ નક્કી કરે, એવો નિર્ણય થાય. એનો પ્રયત્ન કરે આત્માને મેળવવાનો તો આત્મામાંથી સુખ થાય. અશુભભાવથી બચીને શુભભાવ થાય તો એને સંયોગ મળે, એ બધું મળે એટલે બહારનું સુખ મળે એ કાંઈ સુખ નથી. અનુકૂળતા મળે, મહેલો મળે, મકાનો મળે એ કાંઈ સુખ નથી. સુખ તો આત્મામાં જ છે.

**પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૮મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ**

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૮મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૧૩-૫-૨૦૧૯થી તા.૧૫-૫-૨૦૧૯ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૧૫-૫-૨૦૧૯, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈ-બહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

સંપર્ક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

આયોજક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : | શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોક્ત વિવરણ સત્ય છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૯

**હીરાલાલ જૈન**

**મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.**




**૧૮૪**

**મુંબઈ, માગશર સુદ ૧૫, ૧૯૪૭**

**સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર**

તમારું પત્ર ગઈ કાલે મળ્યું.

તમારાં પ્રશ્ન મળ્યાં. યોગ્ય વખતે ઉત્તર લખીશ. આધાર નિમિત્તમાત્ર છું. તમે નિષ્ઠા સબળ કરવાનું પ્રયત્ન કરો એ ભલામણ છે.

**૧૮૫**

**મુંબઈ, માગશર વદ ૭, ૧૯૪૭**

આજે હૃદય ભરાઈ આવ્યું છે. જેથી વિશેષ ઘણું કરીને આવતી કાલે લખીશ. હૃદય ભરાવાનું કારણ પણ વ્યાવહારિક નથી. સર્વ પ્રકારે નિશ્ચિંત રહેવા વિનંતી છે.

**૧૮૬**

**મુંબઈ, માગશર સુદ ૧૦, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,**

અત્ર આનંદવૃત્તિ છે. જેમ માર્ગાનુસારી થવાય તેમ પ્રયત્ન કરવું એ ભલામણ છે.

વિશેષ શું લખવું? તે કંઈ સૂઝતું નથી.

**રાયચંદના યથાયોગ્ય**

**૧૮૭**

**મુંબઈ, માગશર વદ ૦)), ૧૯૪૭**

**પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું**

**મહાભાગ્ય, શાંતમૂર્તિ, જીવન્મુક્ત શ્રી સોભાગભાઈ,**

અત્ર આપની કૃપાથી આનંદ છે, આપને નિરંતર વર્તો એ આશિષ છે.

છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે; અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં ઉત્પન્ન કેમ થશે? એ વળી આશ્ચર્યકારક છે! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે; અને એ સમાધિમાંથી નીકળી લોકાલોકદર્શન પ્રત્યે જવું કેમ બનશે? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે!

કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે; તે મહાત્માઓની જનમંડળને અપિછાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઈશ્વરી અદ્‌ભુત નિયતિ છે!

એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયા. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે; અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે, તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે, તેનું કારણ છે. ભોજો ભગત, નિરાંત કોળી ઈત્યાદિક પુરુષો યોગી (પરમ યોગ્યતાવાળા) હતા. નિરંજનપદને

**(અનુસંધાન પાના નં.૯ પર...)**